# માનવ અધિકાર સંરક્ષણ

## અધિનિયમ-૧૯૯૩

(સને ૨૦૦૬ના કેન્દ્રિય અધિનિયમ ક્રમાંક-૪૩થી સુધાર્યા પ્રમાણે)

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ,
ટાઉનહોલ પાસે, સેકટર-૧૭,
ગાંધીનગર-૩૮૨૦૧૭.
ફોન નં. ૨૩૨ ૫૭૫૯૫-૯૩-૪૭.
ફેક્સ નંબર : ૦૭૯ ૨૩૨ ૫૭૫૯૬.

# માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩

## અનુક્રમણિકા


| કલમો | વિગત | પાના નંબર |
|---|---|---|
| | **પ્રકરણ – ૧** | |
| | **પ્રારંભિક** | |
| ૧. | ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ. | 1 |
| ૨. | વ્યાખ્યાઓ. | 1 |
| | **પ્રકરણ – ૨** | |
| | **રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ** | |
| ૩. | રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગની રચના. | 2 |
| ૪. | અધ્યક્ષ અને [1][x]સભ્યોની નિમણૂંક બાબત. | 2 |
| ૫. | [2][અધ્યક્ષ અને સભ્યોના રાજીનામાં અને તેમને દૂર કરવા બાબત.] | 3 |
| ૬. | [3][અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદ્દત] | 3 |
| ૭. | અમુક સંજોગોમાં સભ્યને અધ્યક્ષ તરીકે કાર્ય કરવા અને તેના કાર્યો બજાવવા બાબત. | 4 |
| ૮. | [4][અધ્યક્ષ અને સભ્યોની સેવાની બોલીઓ અને શરતો] | 4 |
| ૯. | જગા ખાલી હોવાને કારણે આયોગની કાર્યવાહી અમાન્ય ઠરશે નહિ. | 4 |
| ૧૦. | આયોગ દ્વારા કાર્યરીતિનું નિયમન કરવા બાબત. | 4 |
| ૧૧. | આયોગના અધિકારીઓ અને બીજો સ્ટાફ. | 4 |
| | **પ્રકરણ – ૩** | |
| | **આયોગના કાર્યો અને સત્તા** | |
| ૧૨. | આયોગના કાર્યો. | 4 |
| ૧૩. | તપાસને લગતી સત્તા. | 5 |
| ૧૪. | અન્વેષણ. | 6 |
| ૧૫. | આયોગ સમક્ષ વ્યકિતઓએ કરેલ નિવેદન. | 7 |
| ૧૬. | પ્રતિકૂળ અસર થવાનો સંભવ હોય તેવી વ્યકિતઓને સાંભળવા બાબત. | 7 |
| | **પ્રકરણ – ૪** | |
| | **કાર્યરીતિ** | |
| ૧૭. | ફરિયાદોની તપાસ. | 7 |
| ૧૮. | [5][તપાસ દરમિયાન અને તે પછીના પગલાં.] | 8 |
| ૧૯. | સશસ્ત્ર દળોના સંબંધમાં કાર્યરીતિ. | 8 |
| ૨૦. | આયોગના વાર્ષિક અને ખાસ રીપોર્ટ. | 9 |


---

[1] સને ૨૦૦૬ નો અધિનિયમ ક્રમાંક :૪૩ થી 'બીજા' શબ્દ કમી કરેલ છે.
[2] સને ૨૦૦૬ નો અધિનિયમ ક્રમાંક :૪૩ થી 'આયોગના સભ્યને દૂર કરવા બાબત' ને બદલે નવી દાખલ કરેલ છે.
[3] સને ૨૦૦૬ નો અધિનિયમ ક્રમાંક :૪૩ થી 'સભ્યોના હોદ્દાની મુદ્દત' ને બદલે નવી દાખલ કરેલ છે.
[4] સને ૨૦૦૬ નો અધિનિયમ ક્રમાંક :૪૩ થી 'સભ્યોની સેવાની બોલીઓ અને શરતો' ને બદલે નવી દાખલ કરેલ છે.
[5] સને ૨૦૦૬ નો અધિનિયમ ક્રમાંક :૪૩ થી 'તપાસ પછીના પગલાં' ને બદલે નવી દાખલ કરેલ છે.

| કલમો | વિગત | પાના નંબર |
|---|---|---|
| | **પ્રકરણ – ૫**<br>**રાજ્ય માનવ અધિકાર આયોગ** | |
| ૨૧. | રાજ્ય માનવ અધિકાર આયોગની રચના. | 9 |
| ૨૨. | રાજ્ય આયોગના અધ્યક્ષ અને [1][x]સભ્યોની નિમણુંક. | 10 |
| ૨૩. | [2][રાજ્ય આયોગના અધ્યક્ષ અથવા સભ્યનું રાજીનામું અને તેમને દૂર કરવા બાબત] | 10 |
| ૨૪. | [3][રાજ્ય આયોગના અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત] | 11 |
| ૨૫. | અમુક સંજોગોમાં સભ્યે અધ્યક્ષ તરીકે કાર્ય કરવા અને તેના કાર્યો બજાવવા બાબત. | 11 |
| ૨૬. | [4][રાજ્ય આયોગના અધ્યક્ષ અને સભ્યોની સેવાની બોલીઓ અને શરતો] | 11 |
| ૨૭. | રાજ્ય આયોગના અધિકારીઓ અને બીજો સ્ટાફ. | 11 |
| ૨૮. | રાજ્ય આયોગના વાર્ષિક અને ખાસ રીપોર્ટ. | 11 |
| ૨૯. | રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગને લગતી અમુક જોગવાઈઓ રાજ્ય આયોગને લાગુ પાડવા બાબત. | 12 |
| | **પ્રકરણ – ૬**<br>**માનવ અધિકાર ન્યાયાલયો** | |
| ૩૦. | માનવ અધિકાર ન્યાયાલયો. | 12 |
| ૩૧. | સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર. | 12 |
| | **પ્રકરણ – ૭**<br>**નાણાં, હિસાબ અને ઓડિટ** | |
| ૩૨. | કેન્દ્ર સરકાર દ્વારા અનુદાન. | 12 |
| ૩૩. | રાજ્ય સરકાર દ્વારા અનુદાન. | 13 |
| ૩૪. | હિસાબ અને ઓડિટ. | 13 |
| ૩૫. | રાજ્ય આયોગના હિસાબો અને ઓડિટ. | 13 |
| | **પ્રકરણ – ૮**<br>**પ્રકીર્ણ** | |
| ૩૬. | આયોગની હકૂમતને આધીન ન હોય તેવી બાબતો. | 13 |
| ૩૭. | વિશેષ અન્વેષણ ટુકડીની રચના કરવા બાબત. | 14 |
| ૩૮. | શુદ્ધ બુદ્ધિથી લીધેલા પગલાંનું રક્ષણ. | 14 |
| ૩૯. | સભ્યો અને અધિકારીઓને રાજ્ય સેવક ગણવા બાબત. | 14 |
| ૪૦. | નિયમો કરવાની કેન્દ્ર સરકારની સત્તા. | 14 |
| [5][૪૦(ખ) | વિનિયમો કરવાની આયોગની સત્તા] | 14 |
| ૪૧. | નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા. | 15 |
| ૪૨. | મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા. | 15 |
| ૪૩. | રદ કરવા બાબત અને અપવાદ. | 15 |


-----------

[1] સને ૨૦૦૬ નો અધિનિયમ ક્રમાંક :૪૩ થી 'બીજા' શબ્દ કમી કરેલ છે.

[2] સને ૨૦૦૬ નો અધિનિયમ ક્રમાંક :૪૩ થી 'રાજ્ય આયોગના સભ્યનુ દૂર કરવા બાબત' ને બદલે નવી દાખલ કરેલ છે.

[3] સને ૨૦૦૬ નો અધિનિયમ ક્રમાંક :૪૩ થી 'રાજ્ય આયોગના સભ્યોની હોદ્દાની મુદત' ને બદલે નવી દાખલ કરેલ છે.

[4] સને ૨૦૦૬ નો અધિનિયમ ક્રમાંક :૪૩ થી 'રાજ્ય આયોગના સભ્યોની સેવાની બોલીઓ અને શરતો' ને બદલે નવી દાખલ કરેલ છે.

[5] સને ૨૦૦૬ નો અધિનિયમ ક્રમાંક :૪૩ થી તદ્દન નવી કલમ દાખલ કરેલ છે.

# માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩

(સન ૧૯૯૪ નો અધિનિયમ ક્રમાંક : ૧૦)

( સન ૨૦૦૬નો અધિનિયમ ક્રમાંક : ૪૩ થી સુધાર્યા પ્રમાણે )

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, રાજ્યમાં રાજ્ય માનવ અધિકાર આયોગો અને માનવ અધિકારના વધુ સારા સુધારા માટે માનવ ન્યાયાલયોની રચના કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતોની જોગવાઈ કરવા માટેનો અધિનિયમ.

સંસદે, ભારતના ગણરાજ્યના ચુંમાલીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કર્યો છે.

## પ્રકરણ – ૧

## પ્રારંભિક

**૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ**

૧. (૧) આ અધિનિયમ, માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ કહેવાશે.

(૨) તે સમગ્ર ભારતને લાગુ પડે છે :

પરંતુ જમ્મુ અને કાશ્મીર રાજયને લાગુ પાડયા પ્રમાણે જેટલે સુધી સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી–૧ અથવા યાદી–૩ માં જણાવેલી નોંધો પૈકીની કોઈપણ નોંધને લગતી બાબતો હોય ત્યાં સુધી તે રાજ્યને લાગુ પડશે.

(૩) તે તારીખ ૨૮ મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ના રોજ અમલમાં આવ્યો છે એમ ગણાશે.

**૨. વ્યાખ્યાઓ,**

(૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, –

(ક) "સશસ્ત્ર દળો" એટલે નૌસેના, ભૂમિદળ અને હવાઈદળ અને તેમાં સંઘના બીજા કોઈપણ સશસ્ત્ર દળોનો સમાવેશ થાય છે;

(ખ) "અધ્યક્ષ" એટલે આયોગના અથવા યથાપ્રસંગ, રાજય આયોગના અધ્યક્ષ.

(ગ) "આયોગ" એટલે કલમ–૩ હેઠળ રચાયેલું રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ;

(ઘ) "માનવ અધિકાર" એટલે સંવિધાનથી બાંયધરી આપેલ અથવા આંતરરાષ્ટ્રીય કરારનામાઓમાં સમાવેલા અને ભારતમાં ન્યાયાલયો અમલમાં મૂકી શકે તેવા વ્યક્તિઓના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવને લગતા અધિકારો;

(ચ) "માનવ અધિકાર ન્યાયાલય" એટલે કલમ ૩૦ હેઠળ નિર્દિષ્ટ કરેલ માનવ અધિકાર ન્યાયાલય.

[1][(છ) "આંતરરાષ્ટ્રીય કરારનામા" એટલે તા. ૧૬ મી ડિસેમ્બર, ૧૯૬૬ ના રોજ સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાએ સ્વીકારેલા નાગરિક અને રાજકીય અધિકારો અંગેના આંતરરાષ્ટ્રીય કરારનામા અને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેના આંતરરાષ્ટ્રીય કરારનામા, અને કેન્દ્ર સરકાર, જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાએ સ્વીકારેલા આવા બીજા કરારનામા અથવા સમજૂતી;

(જ) "સભ્ય" એટલે આયોગ અથવા યથાપ્રસંગ, રાજય આયોગનો સભ્ય;]

સન ૧૯૯૨નો ૧૯ મો — (ઝ) "રાષ્ટ્રીય લઘુમતી આયોગ" એટલે રાષ્ટ્રીય લઘુમતી આયોગ અધિનિયમ, ૧૯૯૨ ની કલમ ૩ હેઠળ રચાયેલું રાષ્ટ્રીય લઘુમતી આયોગ;

[1] સને ૨૦૦૬ નો અધિનિયમ ક્રમાંક :૪૩ થી મૂળ કલમને બદલે નવી દાખલ કરેલ છે.

(ટ) [1]["રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ" એટલે સંવિધાનની કલમ ૩૩૮ માં ઉલ્લેખેલ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ;

(ટ–ક) "રાષ્ટ્રીય અનુસૂચિત આદિજાતિ આયોગ" એટલે સંવિધાનની કલમ ૩૩૮(ક) માં ઉલ્લેખેલ રાષ્ટ્રીય અનુસૂચિત આદિજાતિ આયોગ;]

સન ૧૯૯૨ નો ૨૦ મો (ઠ)"રાષ્ટ્રીય મહિલા આયોગ" એટલે રાષ્ટ્રીય મહિલા આયોગ અધિનિયમ, ૧૯૯૦ ની કલમ ૩ હેઠળ રચેલું રાષ્ટ્રીય મહિલા આયોગ;

(ડ) "જાહેરનામું" એટલે સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલું જાહેરનામું;

(ઢ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલુ;

સન ૧૮૬૦ નો ૪૫ મો (ત) "જાહેર સેવક" નો ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૨૧ માં તેનો જે અર્થ આપ્યો છે તે જ થશે;

(થ) "રાજય આયોગ" એટલે કલમ ૨૧ હેઠળ રચેલું રાજય માનવ અધિકાર આયોગ.

(૨) જમ્મુ અને કાશ્મીર રાજયમાં અમલમાં ન હોય તેવા કોઈ કાયદાનો, આ અધિનિયમમાંના કોઈપણ ઉલ્લેખનો અર્થ, તે રાજયના સંબંધમાં, તે રાજયમાં કોઈ તત્સમાન કાયદો અમલમાં હોય તો તેના ઉલ્લેખ તરીકે કરવામાં આવશે.

## પ્રકરણ – ૨

## રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ

### ૩. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગની રચના

(૧) કેન્દ્ર સરકાર, આ અધિનિયમ હેઠળ પોતાને મળેલી સત્તા વાપરવા અને સોંપેલા કાર્યો બજાવવા માટે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ એ નામના એક મંડળની રચના કરશે.

(૨) આયોગ, નીચેના સભ્યોનું બનશે :–

(ક) અધ્યક્ષ જેઓ ઉચ્ચતમ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે અગાઉ રહ્યા હોવા જોઈશે;

(ખ) એક સભ્ય, જેઓ ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયમૂર્તિ હોવા જોઈશે અથવા તે તરીકે અગાઉ રહ્યા હોવા જોઈશે.

(ગ) એક સભ્ય, જેઓ ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ હોવા જોઈશે અથવા તે તરીકે અગાઉ રહ્યા હોવા જોઈશે;

(ઘ) માનવ અધિકારને લગતી બાબતોનું જ્ઞાન અથવા પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યકિતઓમાંથી નિયુકત કરવાના બે સભ્યો;

(૩) રાષ્ટ્રીય લઘુમતી આયોગ, [2][રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, રાષ્ટ્રીય અનુસૂચિત આદિજાતિ આયોગ] અને રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ કલમ ૧૨ ના ખંડ (ખ) થી (ઠ) માં નિર્દિષ્ટ કરેલ કાર્ય બજાવવા માટે આ આયોગના સભ્ય છે એમ ગણાશે.

(૪) એક મહાસચિવ રહેશે જેઓ આયોગના મુખ્ય કારોબારી અધિકારી ગણાશે અને [3][આયોગ અથવા અધ્યક્ષ તેને સોંપે તેવી (ન્યાયિક કાર્યો અને કલમ ૪૦(ખ) હેઠળ વિનિયમો કરવાની સત્તા સિવાયની)] આયોગની સત્તા વાપરશે અને કાર્યો બજાવશે.

(૫) આયોગનું મુખ્ય મથક દિલ્હી ખાતે રહેશે અને આયોગ કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરીથી ભારતમાં બીજા સ્થળોએ કચેરીઓ સ્થાપી શકશે.

### ૪. અધ્યક્ષ અને સભ્યોની નિમણુંક બાબત.

(૧) રાષ્ટ્રપતિએ પોતાની સહી અને સિકકાથી આદેશ કરીને, અધ્યક્ષ અને [4][X]સભ્યોની નિમણુંક કરવી જોઈએ :

પરંતુ આ પેટા કલમ હેઠળની દરેક નિમણુંક નીચેની વ્યકિતઓની બનેલી સમિતિની ભલામણો મેળવ્યા બાદ કરી શકાશે.

---

[1] સન ૨૦૦૬ ના ૪૩ થી 'રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને રાષ્ટ્રીય અનુસૂચિત આદિજાતિ આયોગ' શબ્દોને બદલે દાખલ કરેલ છે.

[2] સન ૨૦૦૬ ના ૪૩ થી 'રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને રાષ્ટ્રીય અનુસૂચિત આદિજાતિ આયોગ' શબ્દોને બદલે દાખલ કરેલ છે.

[3] સન ૨૦૦૬ ના ૪૩ થી 'આયોગ તેને સોંપે તેવી' શબ્દોને બદલે આ દાખલ કરેલ છે.

[4] સન ૨૦૦૬ ના ૪૩ થી 'બીજા સભ્યોની' ને બદલે આ દાખલ કરેલ છે.

(ક) વડા પ્રધાન : અધ્યક્ષ;
(ખ) લોકસભાના અધ્યક્ષ : સભ્ય;
(ગ) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો હવાલો ધરાવનાર મંત્રી : સભ્ય;
(ઘ) લોકસભાના વિરોધ પક્ષના નેતા : સભ્ય;
(ચ) રાજ્યસભાના વિરોધ પક્ષના નેતા : સભ્ય;
(છ) રાજ્યસભાના ઉપાધ્યક્ષ : સભ્ય;

વધુમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર વિનિમય કર્યા સિવાય, ઉચ્ચતમ ન્યાયાલયના ચાલુ ન્યાયાધીશ અથવા ઉચ્ચ ન્યાયાલયના ચાલુ મુખ્ય ન્યાયમૂર્તિને નીમી શકાશે નહિ.

(૨) અધ્યક્ષ અથવા કોઈ સભ્યની નિમણૂંક [1][સમિતિમાં પેટા કલમ (૧) ના પ્રથમ પરંતુકમાં ઉલ્લેખેલ સભ્યની કોઈ જગા ખાલી પડવાને] કારણે અમાન્ય ઠરશે નહિ.

**૫. [2][અધ્યક્ષ અને સભ્યોના રાજીનામાં અને તેમને દૂર કરવા બાબત.**

(૧) અધ્યક્ષ અથવા કોઈ સભ્ય, પોતાના હસ્તાક્ષરમાં ભારતના રાષ્ટ્રપતિને ઉદ્દેશીને લેખિત નોટીસ આપીને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે.

(૨) પેટા કલમ (૩) ની જોગવાઈઓને આધીન રહીને, અધ્યક્ષને અથવા બીજા કોઈપણ સભ્યને, સાબિત થયેલ ગેરવર્તણુંકના અથવા અસમર્થતાના કારણસર, રાષ્ટ્રપતિએ ઉચ્ચતમ ન્યાયાલયને સંદર્ભ કર્યેથી ઉચ્ચતમ ન્યાયાલયે, તે અર્થે ઠરાવેલી કાર્યરીતિ અનુસાર કરેલી તપાસ પરથી, એવો રીપોર્ટ કર્યો હોય કે અધ્યક્ષને અથવા યથાપ્રસંગ, આવા સભ્યને, આવા કોઈ કારણે દૂર કરવો જોઈએ, તે પછી, ભારતના રાષ્ટ્રપતિના હુકમથી તેને હોદ્દા પરથી દૂર કરવો જોઈશે.

(૩) પેટા કલમ (૨) માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાષ્ટ્રપતિ હુકમ કરીને, અધ્યક્ષને અથવા કોઈ સભ્યને તેના હોદ્દા પરથી દૂર કરી શકશે, જો અધ્યક્ષ અથવા યથાપ્રસંગ, આવો સભ્ય :

(ક) નાદાર ઠર્યો હોય; અથવા

(ખ) તેના હોદ્દાની મુદ્દત દરમિયાન, તેના હોદ્દાની ફરજો બહારની કોઈપણ સવેતન નોકરીમાં જોડાયો હોય; અથવા

(ગ) મગજની અથવા શારીરિક અશક્તતાને કારણે હોદ્દા પર ચાલુ રહેવા માટે અયોગ્ય હોય; અથવા

(ઘ) અસ્થિર મગજનો હોય અને સક્ષમ ન્યાયાલયે તેને તેવો જાહેર કરેલ હોય; અથવા

(ચ) રાષ્ટ્રપતિના અભિપ્રાય મુજબ, નૈતિક અધ:પતનવાળો કોઈ ગુના માટે દોષિત ઠરેલ હોય અને કેદની સજા થઈ હોય.]

**૬. [3][અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદ્દત :**

(૧) અધ્યક્ષ તરીકે નિયુકત થયેલી વ્યક્તિ, તે હોદ્દો ધરાવે તે તારીખથી પાંચ વર્ષની મુદ્દત અથવા તે સિત્તેર વર્ષની ઉંમરની થાય એ બે માંથી જે વહેલું બને તેટલી મુદ્દત માટે હોદ્દો ધરાવશે.

(૨) સભ્ય તરીકે નિયુક્ત થયેલી વ્યક્તિ, તે હોદ્દો ધરાવે તે તારીખથી પાંચ વર્ષની મુદ્દત માટે હોદ્દો ધરાવી શકશે અને બીજા પાંચ વર્ષની મુદ્દત માટે ફરી નિમણુંકને પાત્ર ગણાશેઃ

પરંતુ કોઈપણ સભ્ય તેની ઉંમર સિત્તેર વર્ષની થાય તે પછી, હોદ્દો ધરાવી શકશે નહિ.

(૩) હોદ્દો ધરાવતા બંધ થયેથી, અધ્યક્ષ અથવા સભ્ય, ભારત સરકાર હેઠળ અથવા કોઈપણ રાજ્ય સરકાર હેઠળ બીજી નોકરી માટે પાત્ર થશે નહિ.]

---

[1] સન ૨૦૦૬ ના ૪૩ થી ' સમિતિમાં કોઈપણ જગા ખાલી પડવાને' બદલે આ સુધારો દાખલ કરેલ છે.
[2] સન ૨૦૦૬ ના ૪૩ થી મૂળ કલમને બદલે નવી દાખલ કરેલ છે.
[3] સન ૨૦૦૬ ના ૪૩ થી મૂળ કલમને બદલે નવી દાખલ કરેલ છે.

૭. અમુક સંજોગોમાં સભ્યને અધ્યક્ષ તરીકે કાર્ય કરવા અને તેના કાર્યો બજાવવા બાબત.

(૧) અધ્યક્ષનો હોદ્દો તેના મૃત્યુ, રાજીનામાને કારણે અથવા અન્યથા ખાલી પડે, ત્યારે રાષ્ટ્રપતિ, જાહેરનામાથી સભ્યોમાંથી એકને જયાં સુધી આવી ખાલી જગા પર નવા અધ્યક્ષની નિમણૂંક કરવામાં ન આવે ત્યાં સુધી, અધ્યક્ષ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત કરી શકશે.

(૨) જ્યારે અધ્યક્ષ, ગેરહાજર રહેવાને કારણે અથવા અન્યથા તેના કાર્યો બજાવવા માટે અસમર્થ હોય ત્યારે રાષ્ટ્રપતિ, જાહેરનામાથી, આ માટે અધિકૃત કરે તેવા સભ્યો પૈકી એક સભ્ય, અધ્યક્ષ પોતાની ફરજ બજાવવા માટે ફરી હાજર થાય તે તારીખ સુધી, અધ્યક્ષના કાર્યો બજાવશે.

૮. [1][અધ્યક્ષ અને સભ્યોની સેવાની બોલીઓ અને શરતો

અધ્યક્ષ અને સભ્યોને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશેઃ

પરંતુ અધ્યક્ષ અથવા સભ્યોના પગાર અને ભથ્થાં અથવા તેમની સેવાની બીજી બોલીઓ અને શરતોમાં, તેની નિમણુંક પછી, તેને ગેરલાભ થાય તે રીતે ફેરફાર કરી શકાશે નહિ.]

**૯. જગા ખાલી હોવાને કારણે [2](રાજ્ય) આયોગની કાર્યવાહી અમાન્ય ઠરશે નહી.**

(રાજ્ય) આયોગનું કોઈ કાર્ય અથવા કાર્યવાહી, (રાજ્ય) આયોગમાં કોઈ જગા ખાલી હોવાને અથવા (રાજ્ય) આયોગની રચનામાં કોઈ ખામી હોવાને કારણે જ તેની સામે વાંધો ઉઠાવી શકાશે નહિ અથવા તે અમાન્ય ઠરશે નહિ.

**૧૦. (રાજ્ય) આયોગ દ્વારા કાર્યરીતિનું નિયમન કરવા બાબત.**

(૧) અધ્યક્ષ, પોતે યોગ્ય ગણે તેવા સમયે અને સ્થળે, (રાજ્ય) આયોગની બેઠક બોલાવી શકશે.

[3][(૨) આ અધિનિયમ અને તે હેઠળ કરવામાં આવેલા નિયમોની જોગવાઈઓને આધીન રહીને, (રાજ્ય) આયોગને, વિનિયમોની પોતાની કાર્યરીતિ ઘડવાની સત્તા રહેશે.]

(૩) (રાજ્ય) આયોગના તમામ હુકમો અને નિર્ણયો [4](x) સચિવ અથવા અધ્યક્ષ, આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરે તેવો (રાજ્ય) આયોગનો અન્ય કોઈપણ અધિકારી પ્રમાણિત કરી શકશે.]

**૧૧. આયોગના અધિકારીઓ અને બીજો સ્ટાફ.**

(૧) કેન્દ્ર સરકાર, આયોગને નીચેનો સ્ટાફ આપશે :–

(ક) ભારત સરકારના સચિવના દરજ્જાના અધિકારી, જેઓ આયોગના મહાસચિવ ગણાશે; અને

(ખ) આયોગના કાર્યોની કાર્યક્ષમ બજવણી માટે જરૂરી હોય તેવો, ડાયરેકટર જનરલ ઓફ પોલિસથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારી હેઠળ પોલિસ અને તપાસ કરનાર સ્ટાફ અને તેવા બીજા અધિકારીઓ અને સ્ટાફ.

(૨) આ અર્થે કેન્દ્ર સરકાર કરે તેવા નિયમોને આધિન રહીને, આયોગ પોતે જરૂરી ગણે તેવો બીજો વહીવટી, ટેકનિકલ અને વૈજ્ઞાનિક સ્ટાફ નીમી શકશે.

(૩) પેટા કલમ (૨) હેઠળ નીમેલા અધિકારીઓ અને બીજા સ્ટાફનો પગાર, ભથ્થાં અને નોકરીની શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

## પ્રકરણ – ૩

## [2](રાજ્ય) આયોગના કાર્યો અને સત્તા

**૧૨. (રાજ્ય) આયોગના કાર્યો.**

(રાજ્ય) આયોગ નીચેના તમામ અથવા કોઈપણ કાર્યો બજાવશે :–

---

[1] સન ૨૦૦૬ ના ૪૩ થી મૂળ કલમને બદલે નવી દાખલ કરેલ છે.
[2] કલમ ૨૯(ક) થી સુધાર્યા મુજબ, 'આયોગ' ને બદલે રાજયના સંદર્ભમાં 'રાજય આયોગ' દર્શાવેલ છે.
[3] સન ૨૦૦૬ ના ૪૩ થી મૂળ કલમને બદલે નવી દાખલ કરેલ છે.
[4] કલમ ૨૯(ખ) મુજબ રાજય આયોગના સંબંધમાં 'મહાસચિવ' શબ્દને બદલે 'સચિવ' એ શબ્દ મૂકેલ છે.

(ક) આપમેળે અથવા ભોગ બનેલ વ્યકિત અથવા તેના વતી કોઈ વ્યકિતએ પોતાને રજૂ કરેલી અરજ પરથી [1][અથવા કોઈ ન્યાયાલયના આદેશ અથવા હુકમ પરથી] કોઈ જાહેર સેવકે કરેલ –

(૧) માનવ અધિકારનું ઉલ્લંઘન અથવા તેના દુષ્પ્રેરણની; અથવા

(૨) આવું ઉલ્લંઘન રોકવામાં બેદરકારીની ફરિયાદની તપાસ કરવી;

(ખ) ન્યાયાલય સમક્ષ અનિર્ણિત માનવ અધિકારના ઉલ્લંઘનના કોઈપણ આરોપનો સમાવેશ થતો હોય તેવી કોઈપણ કાર્યવાહીમાં આવા ન્યાયાલયની મંજૂરીથી દરમિયાનગીરી કરવી;

[2][(ગ) રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની કોઈપણ જેલ અથવા બીજી સંસ્થા કે જેમાં વ્યકિતઓને અટકાયતમાં રાખી હોય અથવા સારવાર, સુધારણા અથવા સલામતીના હેતુઓ માટે રાખેલી હોય તેવા તેના અંતેવાસીઓની રહેણીકરણીનો અભ્યાસ કરવા અને તે પર સરકારને ભલામણો કરવા માટે, તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, મુલાકાત લેવી;]

(ઘ) સંવિધાનથી અથવા માનવ અધિકાર સંરક્ષણ માટે તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ જોગવાઈ કરેલ સલામતીઓની પુનઃ વિચારણા કરવી અને તેના અસરકારક અમલ માટેના પગલાંની ભલામણ કરવી;

(ચ) માનવ અધિકાર ભોગવતા રોકતાં, ત્રાસવાદી કૃત્યો સહિતના પરિબળોની પુનઃ વિચારણા કરવી અને યોગ્ય ઉપાયાત્મક પગલાંની ભલામણ કરવી;

[3][(છ) x x x x x x]

(જ) માનવ અધિકારના ક્ષેત્રમાં સંશોધન હાથ ધરવું અને તેને ઉત્તેજન આપવું;

(ઝ) પ્રકાશનો, માધ્યમો, પરિસંવાદો અને અન્ય ઉપલબ્ધ સાધનો દ્વારા સમાજના જુદા જુદા વર્ગોમાં માનવ અધિકારનું શિક્ષણ ફેલાવવું અને આ અધિકારોના સંરક્ષણ માટે ઉપલબ્ધ સંરક્ષણો અંગે જાગરૂકતાને ઉત્તેજન આપવું;

(ટ) માનવ અધિકારના ક્ષેત્રમાં કામ કરતાં બિન સરકારી સંગઠનો અને સંસ્થાઓના પ્રયાસોને પ્રોત્સાહન આપવું;

(ઠ) માનવ અધિકારને ઉત્તેજન આપવા માટે પોતે જરૂરી ગણે તેવા બીજા કાર્યો.

### ૧૩. તપાસને લગતી સત્તા.

સન ૧૯૦૮ નો ૫ મો (૧) [4](રાજ્ય) આયોગને, આ અધિનિયમ હેઠળ ફરિયાદોની તપાસ કરતી વખતે અને ખાસ કરીને નીચેની બાબતોના સંબંધમાં દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દાવાની ઈન્સાફી કાર્યવાહી કરતી દીવાની ન્યાયાલયની તમામ સત્તાં રહેશે :–

(ક) સાક્ષીઓને બોલાવવાની અને તેમને હાજર રહેવાની ફરજ પાડવાની અને તેમની સોગંદ ઉપર જુબાની લેવાની;

(ખ) કોઈપણ દસ્તાવેજો પ્રગટ કરવાની અને તેને રજૂ કરવાની;

(ગ) સોગંદનામા ઉપર પુરાવો મેળવવાની;

(ઘ) કોઈપણ ન્યાયાલય અથવા કચેરીમાંથી કોઈપણ જાહેર રેકર્ડ અથવા તેની નકલ માંગવાની;

(ચ) સાક્ષીઓ અથવા દસ્તાવેજો તપાસવા માટે કમિશનો કાઢવાની;

(છ) ઠરાવવામાં આવે તેવી અન્ય કોઈપણ બાબત.

સન ૧૮૬૦ નો ૪૫ મો (૨) તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ કોઈપણ વ્યકિત દાવો કરી શકે તેવા કોઈપણ વિશેષાધિકારને આધીન રહીને (રાજ્ય) આયોગના અભિપ્રાય મુજબ તપાસના વિષય–વસ્તુ માટે ઉપયોગી અથવા તેને સંબંધિત હોય તેવા મદ્દાઓ અથવા બાબતો અંગે કોઈપણ વ્યકિતને માહિતી રજૂ કરવાનું ફરમાવવાની (રાજ્ય) આયોગને સત્તા રહેશે અને એવી રીતે ફરમાવ્યું હોય

---

[1] સન ૨૦૦૬ ના ૪૩ થી 'પોતાને રજૂ કરેલી અરજી પરથી' શબ્દો પછી આ સુધારો દાખલ કરેલ છે.

[2] સન ૨૦૦૬ ના ૪૩ થી મૂળ કલમને બદલે નવી કલમ દાખલ કરેલ છે.

[3] કલમ ૨૯(ગ) અન્વયે, રાજ્ય આયોગ માટે, 'માનવ અધિકાર અંગેની સંધિઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય લેખોનો અભ્યાસ કરવો અને તેના અસરકારક અલમ માટે ભલામણો કરવી.' આ ખંડ (છ) કમી કરેલ છે.

[4] કલમ ૨૯(ક) થી સુધાર્યા મુજબ, 'આયોગ' ને બદલે રાજ્યના સંદર્ભમાં 'રાજ્ય આયોગ' દર્શાવેલ છે.

તેવી કોઈપણ વ્યકિત, ભારત ફોજદારી અધિનિયમની કલમ ૧૭૬ અને કલમ – ૧૭૭ ના અર્થ મુજબ આવી માહિતી રજૂ કરવા માટે કાયદેસર રીતે બંધાયેલી છે એમ ગણાશે.

સન ૧૯૭૪ નો ૨ જો (૩) [1](રાજ્ય) આયોગ અથવા (રાજ્ય) આયોગે આ અર્થે ખાસ કરીને અધિકૃત કરેલ રાજ્યપત્રિત અધિકારીના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા બીજા કોઈપણ અધિકારી, એવા જે કોઈપણ મકાન અથવા સ્થળમાંથી (રાજ્ય) આયોગને એવું માનવાને કારણ હોય કે તપાસની વિષય–વસ્તુને લગતા કોઈ દસ્તાવેજો મળી શકે તેમ છે તેવા કોઈપણ મકાન અથવા સ્થળમાં પ્રવેશી શકશે અને જેટલે સુધી લાગુ પાડી શકાય તેટલે સુધી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૦૦ ની જોગવાઈઓને આધીન રહીને આવા દસ્તાવેજો કબજે લઈ શકશે અથવા તેમાંથી ઉતારા અથવા નકલો કરી શકશે.

સન ૧૮૬૦ નો ૪૫ મો (૪) (રાજ્ય) આયોગ, દીવાની ન્યાયાલય છે એમ ગણાશે અને જયારે (રાજ્ય) આયોગની દ્રષ્ટિએ અથવા તેની હાજરીમાં ભારત ફોજદારી અધિનિયમની કલમ ૧૭૫, કલમ ૧૭૮, કલમ ૧૭૯, કલમ ૧૮૦ અથવા કલમ ૨૨૮ માં વર્ણવ્યા મુજબનો કોઈપણ ગુનો, બન્યો હોય ત્યારે, (રાજ્ય) આયોગ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ માં જોગવાઈ કર્યા મુજબ ગુનો બનતી હકીકતો અને આરોપીનું નિવેદન નોંધ્યા પછી આવા કેસની ઈન્સાફી કાર્યવાહી કરવાની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટને કેસ મોકલી શકશે અને આવો કોઈ કેસ જેને મોકલ્યો હોય, તે મેજિસ્ટ્રેટે, જાણે કે તે કેસ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૩૪૬ હેઠળ તેને મોકલ્યો હોય તેમ, આરોપી સામેની ફરિયાદ સાંભળવાની કાર્યવાહી કરશે.

સન ૧૮૬૦ નો ૪૫ મો સન ૧૯૭૪ નો ૨ જો (૫) (રાજ્ય) આયોગ સમક્ષની દરેક કાર્યવાહી, ભારતીય ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩ અને ૨૨૮ ના અર્થ મુજબ અને કલમ ૧૯૬ ના હેતુઓ માટે ન્યાયિક કાર્યવાહી છે એમ ગણાશે અને (રાજ્ય) આયોગ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૯૫ અને પ્રકરણ ૨૬ ના હેતુઓ માટે દીવાની ન્યાયાલય છે એમ ગણાશે.

[2][(૬) આયોગને એમ કરવું જરૂરી અથવા ઈષ્ટ લાગે તો તે, પોતાની સમક્ષ દાખલ કરવામાં આવેલી અથવા અનિર્ણિત હોય તેવી કોઈ ફરિયાદ, જયાંથી ફરિયાદ ઊભી થઈ હોય તે રાજયના રાજ્ય આયોગને, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર, નિકાલ માટે, હુકમથી, તબદીલ કરી શકશે :

પરંતુ જેના સંબંધમાં રાજ્ય આયોગને તે ફરિયાદ સ્વીકારવાની હકુમત ન હોય તેવી કોઈ ફરિયાદ તબદીલ કરી શકાશે નહિ.

(૭) પેટા કલમ (૬) હેઠળ તબદીલ કરવામાં આવેલી દરેક ફરિયાદ જાણે કે તે શરૂઆતથી જ રાજ્ય આયોગ સમક્ષ દાખલ કરવામાં આવી હોય તે રીતે તેની તજવીજ કરવી જોઈએ અને નિકાલ કરવો જોઈએ.]

## ૧૪. અન્વેષણ.

(૧) [1](રાજ્ય) આયોગ, તપાસ સંબંધી કોઈપણ અન્વેષણ કરવાના હેતુ માટે, કેન્દ્ર સરકાર અથવા કોઈપણ રાજ્ય સરકારના કોઈપણ અધિકારી અથવા અન્વેષણ એજન્સીની સેવાનો યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારની સંમતિથી, ઉપયોગ કરી શકશે.

(૨) તપાસ સંબંધી કોઈપણ બાબતનું અન્વેષણ કરવાના હેતુ માટે, પેટા કલમ (૧) હેઠળ જેની સેવાનો ઉપયોગ કર્યો હોય તેવા કોઈપણ અધિકારી અથવા એજન્સી (રાજ્ય) આયોગના માર્ગદર્શન અને નિયંત્રણને આધીન રહીને, –

(ક) કોઈપણ વ્યકિતને બોલાવી શકશે અને તેને હાજર રહેવા ફરજ પાડી શકશે અને તેની જુબાની લઈ શકશે;

(ખ) કોઈપણ દસ્તાવેજ શોધવાનું અને તે રજૂ કરવાનું ફરમાવી શકશે; અને

(ગ) કોઈપણ કચેરીમાંથી કોઈપણ જાહેર રેકર્ડ અથવા તેની નકલ માગી શકશે.

(૩) કલમ ૧૫ ની જોગવાઈઓ, પેટા કલમ (૧) હેઠળ જેની સેવાઓનો ઉપયોગ કર્યો હોય તેવા કોઈપણ અધિકારી અથવા એજન્સી સમક્ષ કોઈપણ વ્યકિતએ કરેલા નિવેદનના સંબંધમાં, જાણે કે (રાજ્ય) આયોગ સમક્ષ કોઈ વ્યકિતએ પુરાવો આપતા કરેલા નિવેદનના સંબંધમાં, લાગુ પડે છે તેમ લાગુ પડશે.

---

[1] કલમ ૨૯(ક) થી સુધાર્યા મુજબ, 'આયોગ' ને બદલે રાજ્યના સંદર્ભમાં 'રાજ્ય આયોગ' દર્શાવેલ છે.
[2] સન ૨૦૦૬ ના ૪૩ થી તદ્દન નવી દાખલ કરેલ છે.

(૪) પેટા કલમ (૧) હેઠળ જેની સેવાઓનો ઉપયોગ કર્યો હોય તેવો અધિકારી અથવા એજન્સી, તપાસ સંબંધી કોઈપણ બાબતનું અન્વેષણ કરશે અને તે અંગેનો રિપોર્ટ, (રાજ્ય) આયોગ આ અર્થે નિર્દિષ્ટ કરે તેટલી મુદતની અંદર,(આયોગ) આયોગને મોકલશે.

(૫) (રાજ્ય) આયોગ, પેટા કલમ (૪) હેઠળ તેને મોકલેલા રિપોર્ટમાં જણાવેલી હકીકતો અને તેનો કોઈ નિર્ણય આવ્યો હોય તો, તેના ખરાપણા સંબંધી પોતે ખાતરી કરશે અને આ હેતુ માટે, (રાજ્ય) આયોગ પોતાને યોગ્ય લાગે તેવું (અન્વેષણ કરનાર અથવા તેમાં સહાય કરનાર વ્યકિત અથવા વ્યકિતઓની તપાસ સહિત) નું અન્વેષણ કરશે.

## ૧૫. [1](રાજ્ય) આયોગ સમક્ષ વ્યકિતઓએ કરેલ નિવેદન.

(રાજ્ય) આયોગ સમક્ષ પુરાવો આપતી વખતે કોઈ વ્યકિતએ કરેલું નિવેદન; આવા નિવેદન દ્વારા ખોટો પુરાવો આપવા માટેની કાર્યવાહી હોય તે સિવાય, કોઈપણ દીવાની અથવા ફોજદારી કાર્યવાહી, તેને આધીન રહેશે નહિ અથવા તેની સામે ઉપયોગમાં લઈ શકાશે નહિ.

પરંતુ આવું નિવેદન, –

(ક) (રાજ્ય) આયોગે તેને ફરમાવેલા કોઈ પ્રશ્નના જવાબમાં કરાયેલું હોવું જોઈએ, અથવા તપાસની વિષય વસ્તુ સાથે સંબંધિત હોવું જોઈએ.

## ૧૬. પ્રતિકૂળ અસર થવાનો સંભવ હોય તેવી વ્યકિતઓને સાંભળવા બાબત.

તપાસના કોઈપણ તબક્કે [1](રાજ્ય) આયોગ, –

(ક) કોઈપણ વ્યકિતની વર્તણુંકની તપાસ કરવાનું જરૂરી ગણે; અથવા

(ખ) તેનો એવો અભિપ્રાય થાય કે તપાસથી કોઈ વ્યકિતની પ્રતિષ્ઠાને પ્રતિકૂળ અસર થવાનો સંભવ છે. તો, તે વ્યકિતને તપાસમાં સાંભળવાની અને તેના બચાવમાં પુરાવા રજૂ કરવાની વાજબી તક આપવી જોઈશે. પરંતુ સાક્ષીની શાખ ઉપર દોષારોપણ હોય, ત્યારે આ કલમમાંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ.

# પ્રકરણ – ૪

# કાર્યરીતિ

## ૧૭. ફરિયાદોની તપાસ.

[1](રાજ્ય) આયોગ, માનવ અધિકારના ઉલ્લંઘન અંગેની ફરીયાદોની તપાસ કરતી વખતે –

(૧) [2] [x x x x] રાજય સરકાર અથવા તેના તાબાના બીજા કોઈપણ સત્તામંડળમાં અથવા સંગઠન પાસેથી પોતે નિર્દિષ્ટ કરે તેટલા સમયની અંદર માહિતી અથવા રિપોર્ટ માંગી શકશે.

પરંતુ,

(ક) (રાજ્ય) આયોગને નિયત કરેલ સમયની અંદર માહિતી અથવા રીપોર્ટ મળે નહી તો તે પોતાની મેળે, ફરિયાદની તપાસની કાર્યવાહી આગળ ચલાવી શકશે;

(ખ) માહિતી અથવા રીપોર્ટ મળ્યે, (રાજ્ય) આયોગને એવો સંતોષ થાય કે વધુ તપાસ કરવાની જરૂરી નથી અથવા સંબંધિત સરકારે અથવા સત્તા મંડળે જરૂરી પગલાં લેવાનું શરૂ કર્યુ છે અથવા લીધાં છે, તો તે ફરિયાદની કાર્યવાહી આગળ ચલાવી શકશે નહિ અને તદનુસાર ફરિયાદીને તેની જાણ કરવી જોઈશે;

(૨) ખંડ (૧) માંના કોઈપણ મજકુરને બાધ આવ્યા સિવાય, ફરિયાદના પ્રકારને લક્ષમાં લઈને પોતે જરૂરી ગણે તો તપાસ શરૂ કરશે.

---

[1] કલમ ૨૯(ક) થી સુધાર્યા મુજબ, 'આયોગ' ને બદલે રાજ્યના સંદર્ભમાં 'રાજ્ય આયોગ' દર્શાવેલ છે.

[2] કલમ ૨૯(ધ) થી સુધાર્યા મુજબ, ' કેન્દ્ર સરકાર અથવા કોઈપણ' એ શબ્દો કમી કર્યા.

[1][૧૮. તપાસ દરમિયાન અને તે પછીના પગલાં :

[2](રાજ્ય) આયોગ, આ અધિનિયમ હેઠળ કરેલી તપાસ દરમિયાન અથવા તે પૂરી થયે, નીચેના પગલાં પૈકી કોઈપણ પગલાં લઈ શકશે :–

(ક) તપાસમાં માનવ અધિકારોનું ઉલ્લંઘન કર્યાનું અથવા કોઈ જાહેર સેવકે માનવ અધિકારોનું ઉલ્લંઘન અટકાવવામાં બેદરકારી દાખવ્યાનું અથવા તેમાં દુષ્પ્રેરણ કર્યાનું જાહેર થાય, તો તે સંબંધિત સરકાર અથવા સત્તામંડળને નીચે પ્રમાણેની ભલામણ કરી કરશે.;

(૧) ફરિયાદીને અથવા ભોગ બનનાર વ્યકિતને અથવા તેના કુટુંબના સભ્યોને (રાજ્ય) આયોગ જરૂરી ગણે તેવા વળતર અથવા નુકશાનીની ચૂકવણી કરવી;

(૨) સંબંધિત વ્યકિત અથવા વ્યકિતઓ સામે ફોજદારી કામ ચલાવવા માટે કાર્યવાહી શરૂ કરવાની અથવા (રાજ્ય) આયોગ યોગ્ય ગણે તેવા બીજા પગલાં લેવાની કાર્યવાહી શરૂ કરવી;

(૩) પોતાને યોગ્ય જણાય તેવા વધુ પગલાં લેવાની :

(ખ) ઉચ્ચતમ ન્યાયાલયનો અથવા સંબંધિત ઉચ્ચ ન્યાયાલયનો, તે ન્યાયાલય જરૂરી ગણે તેવા આદેશો, હુકમો અથવા રીટો માટે સંપર્ક સાધવો;

(ગ) ભોગ બનેલ વ્યકિત અથવા તેના કુટુંબના સભ્યોને, (રાજ્ય) આયોગને જરૂરી જણાય તેવી તાત્કાલિક વચગાળાની રાહત માટે, સંબંધિત સરકાર અથવા સત્તામંડળને ભલામણ કરવી;

(ઘ) ખંડ (ચ) ની જોગવાઈઓને આધીન રહીને, અરજદાર અથવા તેના પ્રતિનિધિને તપાસ રીપોર્ટની એક નકલ આપવી;

(ચ) (રાજ્ય) આયોગે, પોતાની ભલામણો સાથે તેના તપાસ રીપોર્ટની એક નકલ સંબંધિત સરકાર અથવા સત્તામંડળને મોકલવી જોઈશે અને સંબંધિત સરકારે અથવા સત્તામંડળે, એક મહિનાની મુદ્દતની અંદર અથવા (રાજ્ય) આયોગ છૂટ આપે તેટલાં વધુ સમયની અંદર, લીધેલા અથવા લેવા ધારેલા પગલાં સહિત રીપોર્ટ પરની તેની ટીકા – ટિપ્પણીઓ (રાજ્ય) આયોગને મોકલવી જોઈશે;

(છ) (રાજ્ય) આયોગે, સંબંધિત સરકાર અથવા સત્તામંડળની ટીકા – ટિપ્પણીઓ, હોય તો તે અને (રાજ્ય) આયોગની ભલામણો પરથી સંબંધિત સરકાર અથવા સત્તામંડળે લીધેલાં અથવા લેવા ધારેલાં પગલાંઓ સહિત, તેનો તપાસ રીપોર્ટ પ્રસિદ્ધ કરવો જોઈશે.]

**૧૯. સશસ્ત્ર દળોના સંબંધમાં કાર્યરીતિ.**

(૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સશસ્ત્ર દળોની સભ્યોની માનવ અધિકારના ઉલ્લંઘનની ફરિયાદોની બાબતમાં, આયોગ નીચેની કાર્યરીતિ અપનાવશે.

(ક) તે પોતાની મેળે અથવા અરજી મળ્યે, કેન્દ્ર સરકાર પાસેથી રીપોર્ટ માંગી શકશે;

(ખ) રીપોર્ટ મળ્યા પછી, તે ફરિયાદની કાર્યવાહી આગળ ચલાવી શકશે નહિ અથવા યથાપ્રસંગ, તે સરકારને તેની ભલામણો કરી શકશે.

(૨) કેન્દ્ર સરકાર, ત્રણ મહિનાની અંદર અથવા આયોગ છૂટ આપે તેટલી વધુ સમયની અંદર, ભલામણો અંગે લીધેલાં પગલાંની આયોગને જાણ કરશે.

(૩) આયોગ, કેન્દ્ર સરકારને પોતે કરેલાં ભલામણો અને આવી ભલામણો અંગે તે સરકારે લીધેલાં પગલાં સહિત તેનો રીપોર્ટ પ્રસિદ્ધ કરશે.

(૪) આયોગે પેટા કલમ (૩) હેઠળ પ્રસિધ્ધ કરેલ રીપોર્ટની નકલ, અરજદાર અથવા તેના પ્રતિનિધિને આપવી જોઈશે.

---

[1] સન ૨૦૦૬ ના ૪૩ થી મૂળ કલમને બદલે નવી દાખલ કરેલ છે.

[2] કલમ ૨૯(ક) થી સુધાર્યા મુજબ, 'આયોગ' ને બદલે રાજ્યના સંદર્ભમાં 'રાજ્ય આયોગ' દર્શાવેલ છે.

૨૦. આયોગના વાર્ષિક અને ખાસ રીપોર્ટ.

(૧) આયોગે, કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્ય સરકારને વાર્ષિક રીપોર્ટ રજૂ કરવો જોઈશે અને એવી કોઈપણ બાબતો કે જે પોતાના અભિપ્રાય મુજબ એવા તાકીદના અથવા અગત્યના હોય કે વાર્ષિક રીપોર્ટ રજૂ કરે ત્યાં સુધી મુલતવી રાખી શકશે નહિ તેવી બાબત અંગેના ખાસ રીપોર્ટ કોઈપણ સમયે મોકલી શકશે.

(૨) કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ રાજ્ય સરકાર આયોગના વાર્ષિક અથવા ખાસ રીપોર્ટ, આયોગે કરેલી ભલામણો અંગે લીધેલાં અથવા લેવા ધારેલાં પગલાંઓની યાદી અને જો કોઈ ભલામણોનો અસ્વીકાર કર્યો હોય તો, તેના કારણો સાથે અનુક્રમે સંસદના દરેક ગૃહ સમક્ષ અથવા રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવશે.

## પ્રકરણ – ૫

## રાજ્ય માનવ અધિકાર આયોગ

**૨૧. રાજ્ય માનવ અધિકાર આયોગની રચના.**

(૧) રાજ્ય સરકાર [1][ગુજરાત રાજ્ય] માનવ અધિકાર આયોગ નામના એક મંડળની આ પ્રકરણ હેઠળ રાજ્ય આયોગને મળેલી સત્તા વાપરવા અને તેને સોંપેલા કાર્યો બજાવવા માટે રચના કરશે.

[2][(૨) રાજ્ય આયોગ, રાજ્ય સરકાર જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી તારીખથી અમલમાં આવે તેવી રીતે, નીચેના સભ્યોનું બનશે–

(ક) અધ્યક્ષ, જેઓ ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ રહી ચૂક્યા હોય.

(ખ) એક સભ્ય, જેઓ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ અથવા જિલ્લા ન્યાયાધીશ તરીકે ઓછામાં ઓછા સાત વર્ષના અનુભવ સાથે રાજ્યમાં જિલ્લા ન્યાયાધીશ હોય અથવા રહી ચૂક્યા હોય;

(ગ) માનવ અધિકારોને લગતી બાબતોનું જ્ઞાન અથવા પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી નીમવાના એક સભ્ય;]

(૩) એક સેક્રેટરી હોવો જોઈશે જેઓ રાજ્ય આયોગના મુખ્ય કારોબારી અધિકારી રહેશે અને રાજ્ય આયોગ તેને સોંપે તેવી તેની સત્તા વાપરશે અને કાર્યો બજાવશે.

(૪) રાજ્ય આયોગનું મુખ્ય મથક, રાજ્ય સરકાર જાહેરનામાંથી નિર્દિષ્ટ કરે તેવા સ્થળે રહેશે.

(૫) રાજ્ય આયોગ, સંવિધાનની સાતમી અનુસૂચિમાંથી યાદી–૨ અને યાદી–૩ માં જણાવેલી નોંધો પૈકીની કોઈ નોંધને લગતી બાબતોના સંબંધમાં જ માનવ અધિકારના ઉલ્લંઘનની તપાસ કરશે;

પરંતુ આવી કોઈપણ બાબતની તપાસ, આયોગ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ યોગ્ય રીતે રચેલ અન્ય કોઈપણ આયોગે, અગાઉ કરી હોય તો, રાજ્ય આયોગ, સદરહુ બાબતમાં તપાસ કરી શકશે નહિ.

વધુમાં, જમ્મુ અને કાશ્મીર માનવ અધિકાર આયોગના સંબંધમાં, આ પેટા કલમ ગ "સંવિધાનની સાતમી અનુસૂચિમાંની યાદી ૨ અને યાદી ૩" એ શબ્દો અને આંકડાને બદલે, "સંવિધાનની સાતમી અનુસૂચિમાંની યાદી ૩ જેટલે સુધી જમ્મુ અને કાશ્મીર રાજ્યને લાગુ પડતી હોય તે તેટલે સુધી અને જેના સંબંધમાં તે રાજ્યના વિધાન મંડળને કાયદા કરવાની સત્તા હોય તે બાબતના સંબંધમાં, "એ શબ્દો અને આંકડા મૂકવામાં આવ્યા હોય'', તેમ અમલી બનશે.

[3][(૬) બે અથવા વધુ રાજ્ય સરકારો, રાજ્ય આયોગના અધ્યક્ષ અથવા સભ્યની સંમતિથી, આવા અધ્યક્ષ અથવા સભ્ય આવી નિમણુંકને સંમતિ આપે તો, આવા અધ્યક્ષ અથવા યથાપ્રસંગ, આવા સભ્યની બીજા રાજ્ય આયોગમાં સાથોસાથ નિમણુંક કરી શકશે ;

---

[1] 'ગુજરાત રાજ્ય' શબ્દ મૂળ કાયદાથી સૂચિત થયા પ્રમાણે રાજ્ય આયોગના સંદર્ભમાં મૂકેલ છે.

[2] સન ૨૦૦૬ ના ૪૩ થી મૂળને બદલે નવી દાખલ કરેલ છે.

[3] સન ૨૦૦૬ ના ૪૩ થી તદ્દન નવી દાખલ કરેલ છે.

પરંતુ આ પેટા કલમ હેઠળ કરવામાં આવેલી દરેક નિમણુંક, જે રાજય માટે એક જ અધ્યક્ષ અથવા સભ્ય અથવા યથાપ્રસંગ, બન્નેની નિમણુંક કરવાની હોય તેના સંબંધમાં, કલમ – ૨૨ ની પેટા કલમ (૧) હેઠળ ઉલ્લેખેલી સમિતિની ભલામણો મેળવ્યા બાદ કરવી જોઈશે.]

**૨૨. રાજય આયોગના અધ્યક્ષ અને [1][x] સભ્યોની નિમણુંક.**

(૧) રાજયપાલ, પોતાની સહી અને સિક્કાથી આદેશ કરીને અધ્યક્ષ અને [x] સભ્યોની નિમણુંક કરશે.

પરંતુ આ પેટા કલમ હેઠળ દરેક નિમણુંક, નીચેની વ્યકિતઓની બનેલી સમિતિની ભલામણો મેળવ્યા પછી કરી શકાશે :–

| | | |
|---|---|---|
| (ક) મુખ્યમંત્રી | : | અધ્યક્ષ; |
| (ખ) વિધાનસભાના અધ્યક્ષ | : | સભ્ય; |
| (ગ) રાજયના ગૃહ વિભાગનો હવાલો ધરાવનાર મંત્રી | : | સભ્ય; |
| (ઘ) વિધાનસભાના વિરોધ પક્ષના નેતા | : | સભ્ય; |

વધુમાં, રાજયમાં વિધાન પરિષદ હોય તો, તે પરિષદના અધ્યક્ષ અને તે પરિષદના વિરોધ પક્ષના નેતા પણ સમિતિના સભ્ય રહેશે; વળી, સંબંધિત રાજયના ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર વિમર્શ કર્યા સિવાય, ઉચ્ચ ન્યાયાલયના ચાલુ ન્યાયાધીશ અથવા ચાલુ જિલ્લા ન્યાયાધીશને નીમી શકાશે નહિ.

(૨) [2][પેટા કલમ ૧ માં ઉલ્લેખેલ] સમિતિમાં કોઈ સભ્યની કોઈ જગા ખાલી હોવાના કારણ માત્રથી રાજય આયોગના અધ્યક્ષ અથવા સભ્યની નિમણુંક અમાન્ય ઠરશે નહિ.

**૨૩. [3][રાજય આયોગના અધ્યક્ષ અથવા સભ્યનું રાજીનામુ અને તેમને દૂર કરવા બાબત**

(૧) રાજય આયોગના અધ્યક્ષ અથવા સભ્ય રાજયપાલને ઉદ્દેશીને પોતાના હસ્તાક્ષરમાં લેખિત અરજી કરી પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે.

(૧–ક) પેટા કલમ (૨) ની જોગવાઈઓને આધીન રહીને, રાજય આયોગના અધ્યક્ષ અથવા કોઈ સભ્યને સાબિત થયેલ ગેરવર્તણુંકના અથવા અસમર્થતતાના કારણે ઉચ્ચતમ ન્યાયાલયને રાષ્ટ્રપતિએ સંદર્ભ કર્યેથી, ઉચ્ચતમ ન્યાયાલયે તે અર્થે ઠરાવેલી કાર્યરીતિ અનુસાર કરેલી તપાસ પરથી એવો રીપોર્ટ કર્યો હોય કે અધ્યક્ષને અથવા યથાપ્રસંગ, આવા સભ્યને, આવા કોઈપણ આધારે દૂર કરવો જોઈએ, તે પછી રાષ્ટ્રપતિના હુકમથી તેને હોદ્દા પરથી દૂર કરવો જોઈશે.]

(૨) [પેટા કલમ (૧–ક)][4] માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાષ્ટ્રપતિ હુકમ કરીને અધ્યક્ષ અથવા [5][x]સભ્યને તેના હોદ્દા પરથી દૂર કરી શકશે. જો અધ્યક્ષ અથવા યથાપ્રસંગ આવો [x][6] સભ્ય,

(ક) નાદાર ઠર્યો હોય; અથવા

(ખ) તેના હોદ્દાની મુદત દરમિયાન, તેના હોદ્દાની ફરજો બહારની કોઈપણ સવેતન નોકરીમાં જોડાયો હોય; અથવા

(ગ) મગજની અથવા શારીરિક નબળાઈના કારણે હોદ્દા પર ચાલુ રહેવા માટે અયોગ્ય હોય; અથવા

(ઘ) અસ્થિર મગજનો હોય અને સક્ષમ ન્યાયાલયે તેને તેવો જાહેર કરેલ હોય; અથવા

(ચ) રાષ્ટ્રપતિના અભિપ્રાય મુજબ જેમાં નૈતિક અધઃપતન વાળા કોઈ ગુના માટે દોષિત ઠરેલ હોય અને કેદની સજા થઈ હોય.

---

[1] સન ૨૦૦૬ ના ૪૩ થી 'બીજા કોઈ પણ' શબ્દો કમી કરેલ છે.
[2] સન ૨૦૦૬ ના ૪૩ થી આ શબ્દો ઉમેરેલ છે.
[3] સન ૨૦૦૬ ના ૪૩ થી 'રાજ્ય આયોગના સભ્યને દૂર કરવા બાબત' ને બદલે નવી દાખલ કરેલ છે.
[4] સન ૨૦૦૬ ના ૪૩ થી 'પેટા કલમ ૧' ને બદલે આ શબ્દ મૂક્યો છે.
[5] સન ૨૦૦૬ ના ૪૩ થી 'બીજા કોઈપણ' શબ્દો કમી કરેલ છે.
[6] સન ૨૦૦૬ ના ૪૩ થી 'બીજો' શબ્દ કમી કરેલ છે.

૨૪. [1][ રાજ્ય આયોગના અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદ્દત

(૧) અધ્યક્ષ તરીકે નિયુકત થયેલી વ્યકિત, તે હોદ્દો ધરાવે તે તારીખથી પાંચ વર્ષની મુદ્દત અથવા તે સિત્તેર વર્ષની ઉમરની થાય, એ બેમાંથી જે વહેલું બને તેટલી મુદ્દત સુધી હોદ્દો ધરાવશે.

(૨) સભ્ય તરીકે નિયુકત થયેલી વ્યકિત, તે હોદ્દો ધરાવે તે તારીખથી પાંચ વર્ષની મુદ્દત માટે હોદ્દો ધરાવી શકશે અને તે બીજી પાંચ વર્ષની મુદ્દત માટે ફેર નિમણુંકને પાત્ર રહેશે;

પરંતુ કોઈપણ સભ્ય, તેની ઉમર સિત્તેર વર્ષની થાય તે પછી, હોદ્દો ધરાવી શકશે નહિ.

(૩) હોદ્દો ધરાવતા બંધ થયેથી, અધ્યક્ષ અથવા કોઈ સભ્ય, કોઈ રાજ્ય સરકાર અથવા ભારત સરકાર હેઠળ, બીજા રોજગાર માટે પાત્ર ગણાશે નહિ.]

**૨૫. અમુક સંજોગોમાં સભ્યે અધ્યક્ષ તરીકે કાર્ય કરવા અને તેના કાર્યો બજાવવા બાબત.**

(૧) અધ્યક્ષનો હોદ્દો, તેના મૃત્યુ, રાજીનામાના કારણે અથવા અન્યથા ખાલી પડે ત્યારે, રાજ્યપાલ, જાહેરનામાંથી, સભ્યોમાંથી એકને, જ્યાં સુધી આવી ખાલી જગ્યા પર નવા અધ્યક્ષની નિમણુંક કરવામાં ન આવે ત્યાં સુધી, અધ્યક્ષ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત કરી શકશે.

(૨) જ્યારે અધ્યક્ષ, ગેરહાજર રહેવાના કારણે અથવા અન્યથા તેના કાર્યો બજાવવા માટે અસમર્થ હોય ત્યારે, સભ્યોમાંથી રાજ્યપાલ જાહેરનામાથી આ માટે અધિકૃત કરે તેવા એક સભ્ય, અધ્યક્ષ પોતાની ફરજ બજાવવા માટે ફરી હાજર થાય તે તારીખ સુધી, અધ્યક્ષના કાર્યો બજાવશે.

**૨૬. [2][રાજ્ય આયોગના અધ્યક્ષ અને સભ્યોની સેવાની બોલીઓ અને શરતો :**

અધ્યક્ષ અને સભ્યોને ચૂકવવાના પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો રાજ્ય સરકાર ઠરાવે તેવા રહેશે;

પરંતુ અધ્યક્ષ અને સભ્યોના પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતોમાં તેમની નિમણુંક પછી, તેમને ગેરલાભ થાય તે રીતે ફેરફાર કરી શકાશે નહિ.]

**૨૭. રાજ્ય આયોગના અધિકારીઓ અને બીજો સ્ટાફ.**

(૧) રાજ્ય સરકાર, આયોગને નીચેનો સ્ટાફ આપશે :–

(ક) રાજ્ય સરકારના સચિવ દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારી જેઓ રાજ્ય આયોગના સચિવ ગણાશે.

(ખ) રાજ્ય આયોગના કાર્યોની કાર્યક્ષમ બજવણી માટે જરૂરી હોય તેવા, ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારી હેઠળ પોલીસ અને તપાસ કરનાર સ્ટાફ અને તેવા બીજા અધિકારીઓ અને સ્ટાફ.

(૨) આ અર્થે રાજ્ય સરકાર કરે તેવા નિયમોને આધિન રહીને, રાજ્ય આયોગ પોતે જરૂરી ગણે તેવો બીજો વહીવટી, ટેકનિકલ અને વૈજ્ઞાનિક સ્ટાફ નીમી શકશે.

(૩) પેટા કલમ (૨) હેઠળ નીમેલા અધિકારીઓ અને બીજા સ્ટાફનો પગાર, ભથ્થાં અને નોકરીની શરતો રાજ્ય સરકાર ઠરાવે તેવા રહેશે.

**૨૮. રાજ્ય આયોગના વાર્ષિક અને ખાસ રીપોર્ટ.**

(૧) રાજ્ય આયોગે, રાજ્ય સરકારને વાર્ષિક રીપોર્ટ રજૂ કરવો જોઈશે અને એવી કોઈપણ બાબતનો જે પોતાના અભિપ્રાય મુજબ એવી તાકીદની અથવા અગત્યની હોય કે વાર્ષિક રીપોર્ટ રજૂ ન કરે ત્યાં સુધી મુલતવી રાખી શકાય નહી તેવી બાબત અંગેનો ખાસ રીપોર્ટ, કોઈપણ સમયે રજૂ કરી શકશે.

---

[1] સન ૨૦૦૬ ના ૪૩ થી મૂળ કલમને બદલે નવી દાખલ કરેલ છે.

[2] સન ૨૦૦૬ ના ૪૩ થી મૂળ કલમને બદલે નવી દાખલ કરેલ છે.

(૨) રાજ્ય સરકાર, વાર્ષિક અને ખાસ રીપોર્ટ રાજ્ય આયોગે કરેલી ભલામણો પરથી લીધેલાં અથવા લેવા ધારેલા પગલાંઓની યાદી અને જો તે ભલામણોનો અસ્વીકાર કર્યો હોય તો તેના કારણો સાથે, રાજ્ય વિધાનમંડળ જો બે ગૃહોનું બનેલું હોય તો, દરેક ગૃહ સમક્ષ અથવા જો આવું વિધાન મંડળ એક ગૃહનું બનેલું હોય તો તે ગૃહ સમક્ષ મૂકાવશે.

[1][૨૯. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગને લગતી અમુક જોગવાઈઓ રાજ્ય આયોગને લાગુ પાડવા બાબત.**

કલમો, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ ની જોગવાઈઓ, રાજ્ય આયોગને લાગુ પડશે અને નીચેના ફેરફારોને આધિન રહીને અમલમાં આવશે.

(ક) 'આયોગ' ના ઉલ્લેખોનો અર્થ "રાજ્ય આયોગ" ના ઉલ્લેખો તરીકે કરવો;

(ખ) કલમ ૧૦ માં, પેટા કલમ (૩) માં "મહાસચિવ" એ શબ્દોને બદલે 'સચિવ' એ શબ્દ મૂકવો;

(ગ) કલમ ૧૨ માં, ખંડ (છ) કમી કરવો;

(ઘ) કલમ ૧૭ માં, ખંડ (૧) માં, "કેન્દ્ર સરકાર અથવા કોઈપણ" એ શબ્દો કમી કરવા.]

## પ્રકરણ – ૬

## માનવ અધિકાર ન્યાયાલયો

**૩૦. માનવ અધિકાર ન્યાયાલયો.**

માનવ અધિકારના ઉલ્લંઘનમાંથી ઊભા થતા ગુનાઓની ઝડપી ઈન્સાફી કાર્યવાહી પૂરી પાડવાના હેતુ માટે, રાજ્ય સરકાર, ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી, જાહેરનામા દ્વારા દરેક જિલ્લા માટે, સદરહુ ગનાઓની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે માનવ અધિકાર ન્યાયાલય તરીકે સેશન્સ ન્યાયાલયને નિર્દિષ્ટ કરી શકશે :

પરંતુ આ કલમમાંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ, જો તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદા હેઠળ આવા ગુના માટે –

(ક) સેશન્સ ન્યાયાલયને ખાસ ન્યાયાલય તરીકે અગાઉ નિર્દિષ્ટ કરી હોય; અથવા

(ખ) ખાસ ન્યાયાલયની રચના કરવામાં આવી હોય.

**૩૧. સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર.**

દરેક માનવ અધિકાર ન્યાયાલય માટે, તે ન્યાયાલયમાં કેસો ચલાવવાના હેતુ માટે, રાજ્ય સરકારે, જાહેરનામાથી ખાસ, પબ્લીક પ્રોસીક્યુટર તરીકે, કોઈ પબ્લીક પ્રોસીક્યુટરને નિર્દિષ્ટ કરવા, અથવા સાત વર્ષથી ઓછા ન હોય તેટલા વર્ષથી વકીલ તરીકેનો વ્યવસાય કરતા હોય તેવા એડવોકેટને નિમવા જોઈશે.

## પ્રકરણ – ૭

## નાણાં, હિસાબ અને ઓડિટ

**૩૨. કેન્દ્ર સરકાર દ્વારા અનુદાન.**

(૧) કેન્દ્ર સરકાર, સંસદ આ અર્થે કાયદો કરીને, યોગ્ય વિનિયોગ કરે તે પછી, આ અધિનિયમના હેતુઓ માટે ઉપયોગમાં લેવા માટે, કેન્દ્ર સરકાર યોગ્ય ગણે તેવી નાણાંની રકમો અનુદાન રૂપે આયોગને આપશે.

(૨) આયોગ, આ અધિનિયમ હેઠળ તેના કાર્યો બજાવવા માટે પોતે યોગ્ય ગણે તેવી રકમો ખર્ચી શકશે અને આવી રકમો પેટા કલમ (૧) માં ઉલ્લેખેલ અનુદાનમાંથી ચૂકવવાપાત્ર ખર્ચ તરીકે ગણાશે.

[1] આ કલમ–૨૯ થી સૂચવેલા સુધારાની અસર સંબંધિત દરેક પૂર્વ કલમોમાં 'રાજ્ય આયોગ' ના સંદર્ભમાં દર્શાવવામાં આવી છે.

૩૩. રાજય સરકાર દ્વારા અનુદાન.

(૧) રાજય સરકાર, વિધાન મંડળ આ અર્થે કાયદો કરીને, યોગ્ય વિનિયોગ કરે તે પછી, આ અધિનિયમના હેતુઓ માટે ઉપયોગમાં લેવા માટે રાજય સરકાર યોગ્ય ગણે તેવી નાણાંની રકમો અનુદાન રૂપે રાજય આયોગને આપશે.

(૨) રાજય આયોગ, પ્રકરણ–૫ હેઠળ પોતાના કાર્યો બજાવવા માટે પોતે યોગ્ય ગણે તેવી રકમો ખર્ચી શકશે, અને આવી રકમો પેટા કલમ (૧) માં ઉલ્લેખેલ અનુદાનમાંથી ચૂકવવાપાત્ર ખર્ચ તરીકે ગણાશે.

૩૪ .. હિસાબ અને ઓડિટ.

(૧) આયોગે, યોગ્ય હિસાબો અને સંબંધિત રેકર્ડ રાખવું જોઈશે અને કેન્દ્ર સરકાર, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની સાથે વિચાર વિનિમય કરીને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં વાર્ષિક હિસાબનું પત્રક તૈયાર કરવું જોઈશે.

(૨) કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ, પોતે નિર્દિષ્ટ કરેલા સમયના ગાળામાં આયોગના હિસાબોનું ઓડિટ કરશે અને આવા ઓડિટના સંબંધમાં વ્હોરેલ કોઈપણ ખર્ચ, આયોગે કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને ચૂકવવું પડશે.

(૩) કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ અને આ અધિનિયમ હેઠળ આયોગના હિસાબોના ઓડિટના સંબંધમાં પોતે નિયુકત કરેલ કોઈપણ વ્યકિતને, આવા ઓડિટના સંબંધમાં, સામાન્ય રીતે સરકારી હિસાબોના ઓડિટના સંબંધમાં કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને મળે છે તેવા જ અધિકારો અને વિશેષાધિકારો અને સત્તાધિકારો મળશે અને ખાસ કરીને, ચોપડાઓ, હિસાબો, સંબંધિત વાઉચરો અને બીજા દસ્તાવેજો અને કાગળો રજૂ કરવાની માંગણી કરવાનો અને આયોગની કચેરીમાંની કોઈપણ કચેરીની તપાસ કરવાનો હકક રહેશે.

(૪) કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે અથવા આ અર્થે તેણે નિયુક્ત કરેલ બીજી કોઈપણ વ્યકિતને પ્રમાણિત કરેલા તેના પરના ઓડિટ રીપોર્ટ સહિતના આયોગના હિસાબો, આયોગે દર વર્ષે કેન્દ્ર સરકારને મોકલવા જોઈશે અને કેન્દ્ર સરકાર, તે ઓડિટ રીપોર્ટ મળ્યા પછી બનતી ત્વરાએ તેને સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકાવશે.

૩૫. રાજય આયોગના હિસાબો અને ઓડિટ.

(૧) રાજય આયોગે, યોગ્ય હિસાબો અને સંબંધિત રેકર્ડ રાખવું જોઈશે અને રાજય સરકાર, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની સાથે વિચાર વિનિમય કરીને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં વાર્ષિક હિસાબ પત્રક તૈયાર કરવું જોઈશે.

(૨) કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ, પોતે નિર્દિષ્ટ કરે તેવા સમયગાળામાં રાજય આયોગના હિસાબોનું ઓડિટ કરશે અને આવા ઓડિટના સંબંધમાં વ્હોરેલ કોઈપણ ખર્ચ રાજય આયોગે કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને ચૂકવવું પડશે.

(૩) કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ અને આ અધિનિયમ હેઠળ રાજય આયોગના ઓડિટના સંબંધમાં પોતે નિયુકત કરેલ કોઈપણ વ્યકિતને, આવા ઓડિટના સંબંધમાં સામાન્ય રીતે સરકારી હિસાબોના ઓડિટના સંબંધમાં કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને મળે છે તેવા જ હકકો, અને વિશેષાધિકારો અને સત્તાધિકાર મળશે અને ખાસ કરીને, ચોપડાઓ, હિસાબો, સંબંધિત વાઉચરો અને બીજા દસ્તાવેજો અને કાગળો રજૂ કરવાની માંગણી કરવાનો અને રાજય આયોગની કચેરીઓમાંની કોઈપણ કચેરીની તપાસ કરવાનો હકક રહેશે.

(૪) કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે અથવા આ અર્થે તેણે નિયુકત કરેલ બીજી કોઈપણ વ્યકિતએ પ્રમાણિત કરેલા, તેના પરના ઓડિટ રીપોર્ટ સહિતના રાજય આયોગના હિસાબો રાજય આયોગે દર વર્ષે રાજ્ય સરકારને મોકલવા જોઈશે અને રાજ્ય સરકાર, તે ઓડિટ રીપોર્ટ મળ્યા પછી બનતી ત્વરાએ તેને વિધાનસભા સમક્ષ મૂકાવશે.

## પ્રકરણ – ૮

## પ્રકીર્ણ

૩૬. આયોગની હકૂમતને આધીન ન હોય તેવી બાબતો.

(૧) આયોગ, રાજય આયોગ અથવા તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ યોગ્ય રીતે રચેલા બીજા કોઈપણ આયોગ સમક્ષ અનિર્ણિત હોય તેવી કોઈપણ બાબતમાં તપાસ કરી શકશે નહિ.

(૨) આયોગ અથવા રાજય આયોગ, કોઈપણ બાબતમાં, જે તારીખે માનવ અધિકારનું ઉલ્લંઘન કરતું કાર્ય થયું હોવાનું કહેવાતું હોય તે તારીખથી એક વર્ષ પૂરું થયા પછી તપાસ કરી શકશે નહિ.

**૩૭. વિશેષ અન્વેષણ ટુકડીની રચના કરવા બાબત.**

તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, સરકારને તેમ કરવું જરૂરી લાગે તો, માનવ હકકના ઉલ્લંઘનમાંથી ઊભા થતાં ગુનાઓના અન્વેષણ અને ફરિયાદના હેતુઓ માટે પોતે જરૂરી ગણે તેવા પોલીસ અધિકારીઓની બનેલી એક અથવા વધુ વિશેષ અન્વેષણ ટુકડીઓની રચના કરી શકશે.

**૩૮. શુદ્ધ બુદ્ધિથી લીધેલા પગલાંનું રક્ષણ.**

આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમો અથવા કોઈ હુકમ અનુસાર, શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈપણ કાર્યના સંબંધમાં અથવા કેન્દ્ર સરકાર, રાજય સરકાર, આયોગ અથવા રાજય આયોગના સત્તાધિકારીથી અથવા તે હેઠળ કોઈપણ રીપોર્ટ, કાગળ અથવા કાર્યવાહીના પ્રકાશનના સંબંધમાં, કેન્દ્ર સરકાર, રાજય સરકાર, આયોગ, રાજય આયોગ અથવા તેના કોઈપણ સભ્ય અથવા કેન્દ્ર સરકાર, રાજય સરકાર, આયોગ અથવા રાજય આયોગ પૈકીના કોઈના આદેશ હેઠળ કામ કરતી કોઈપણ વ્યકિતની સામે, કોઈ દાવો અથવા અન્ય કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

**૩૯. સભ્યો અને અધિકારીઓને રાજય સેવક ગણવા બાબત.**

સન ૧૮૬૦ આયોગ, રાજય આયોગના દરેક સભ્ય અને આ અધિનિયમ હેઠળ કાર્યો બજાવવા માટે આયોગ અથવા રાજય આયોગે નિયુકત કરેલ
નો ૪૫ મો અથવા અધિકૃત કરેલ દરેક અધિકારી ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ ના અર્થ મુજબ રાજય સેવક ગણાશે.

**૪૦. નિયમો કરવાની કેન્દ્ર સરકારની સત્તા.**

(૧) કેન્દ્ર સરકાર, આ અધિનિયમની જોગવાઈઓ પાર પાડવા માટે જાહેરનામાંથી નિયમો કરી શકશે–

(૨) ખાસ કરીને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકશે :

(ક) કલમ ૮ હેઠળ [1][અધ્યક્ષ અને સભ્યોના] પગારો અને ભથ્થાં અને તેમની સેવાની બીજી શરતો;

(ખ) જે શરતને આધીન રહીને, આયોગ બીજો વહીવટી, ટેકનિકલ અને વૈજ્ઞાનિક સ્ટાફ નીમી શકશે તે શરતો અને કલમ ૧૧ ની પેટા કલમ (૩) હેઠળ અધિકારીઓ અને અન્ય સ્ટાફના અને અન્ય પગારો અને ભથ્થાં;

(ગ) કલમ ૧૩ ની પેટા કલમ (૧) ના ખંડ (છ) હેઠળ ઠરાવવાનું ફરમાવ્યું હોય તેવી દિવાની ન્યાયાલયની બીજી કોઈપણ સત્તા;

(ઘ) કલમ ૩૪ ની પેટા કલમ (૧) હેઠળ આયોગે હિસાબોનું વાર્ષિક પત્રક જે નમૂનામાં તૈયાર કરવાનું હોય તે નમૂનો અને

(ચ) ઠરાવવાની અથવા ઠરાવી શકાય તેવી બીજો કોઈપણ બાબત.

(૩) આ અધિનિયમ હેઠળ કરેલ દરેક નિયમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ સંસદનું સત્ર ચાલુ હોય ત્યારે, સંસદના દરેક ગૃહ સમક્ષ એકજ સત્રમાં અથવા લાગલગાટ બે કે વધુ સત્રોમાં મળીને કુલ ત્રીસ દિવસની મુદત સુધી મૂકવો જોઈશે, અને ઉપર્યુકત સત્ર અથવા લાગલગાટ સત્રોની તરત પછીનું સત્ર પૂરું થતાં પહેલાં, બન્ને ગૃહો તે નિયમમાં કોઈ ફેરફાર કરવા સંમત થાય અથવા બન્ને ગૃહો એમ સંમત થાય કે તે નિયમ કરવો જોઈશે નહિ તો, તે નિયમ, ત્યાર પછી, યથાપ્રસંગ, એવા ફેરફાર કરેલા સ્વરૂપમાં જ અમલમાં રહેશે અથવા અમલમાં રહેશે નહિ, પરંતુ એવો કોઈ ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી તે નિયમ હેઠળ અગાઉ કરેલા કોઈપણ કાર્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

**[2][૪૦–ખ) વિનિયમો કરવાની આયોગની સત્તા**

(૧) આયોગ, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓને આધીન રહીને, કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરીથી, આ અધિનિયમની જોગવાઈઓ પાર પાડવા માટે જાહેરનામાથી વિનિયમો કરી શકશે.

---

[1] સન ૨૦૦૬ ના ૪૩ થી 'સભ્યોના' એ શબ્દને બદલે આ શબ્દો દાખલ કરેલ છે.

[2] સન ૨૦૦૬ ના ૪૩ થી તદ્દન નવી કલમ દાખલ કરેલ છે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા વિનિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકશે :

(ક) કલમ – ૧૦ ની પેટા કલમ (૨) હેઠળ આયોગે અનુસરવાની કાર્યરીતિ ;

(ખ) રાજ્ય આયોગે પૂરા પાડવાના પત્રકો અને આંકડા ;

(ગ) વિનિયમોથી નિર્દિષ્ટ કરવાનું જરૂરી હોય અથવા નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી કોઈપણ બાબત.

(૩) આ અધિનિયમ હેઠળ આયોગે કરેલ દરેક વિનિયમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, સંસદનું સત્ર ચાલુ હોય તે દરમિયાન, સંસદના દરેક ગૃહ સમક્ષ, એક જ સત્રમાં અથવા લાગલગાટ બે અથવા વધુ સત્રોમાં મળીને કુલ ત્રીસ દિવસની મુદત સુધી મૂકવો જોઈશે અને ઉપર જણાવેલ સત્ર અથવા લાગલગાટ સત્રોની તરત પછીનું સત્ર પૂરું થતાં પહેલાં, બન્ને ગૃહો તે વિનિયમમાં કોઈ ફેરફાર કરવા સંમત થાય અથવા બન્ને ગૃહો એમ સંમત થાય કે તે વિનિયમ કરવો જોઈએ નહી, તો તે વિનિયમ, ત્યાર પછી, યથાપ્રસંગ, એવા ફેરફાર કરેલા સ્વરૂપમાં જ અમલમાં રહેશે અથવા અમલમાં રહેશે નહી, તેમ છતાં એવો કોઈ ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી તે વિનિયમ હેઠળ અગાઉ કરેલા કોઈપણ કૃત્યની કાયદેસરતાને બાધ આવશે નહિ."]

૪૧. **નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા.**

(૧) રાજ્ય સરકાર, જાહેરનામાંથી આ અધિનિયમની જોગવાઈઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા વિના, આવા નિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકશે :

(ક) કલમ ૨૬ હેઠળ [1][અધ્યક્ષ અને સભ્યોના]પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બીજી શરતો;

(ખ) જે શરતને આધીન રહીને, રાજ્ય આયોગ, બીજો વહીવટી, ટેકનિકલ અને વૈજ્ઞાનિક સ્ટાફ નીમી શકશે તે શરતો અને કલમ ૨૭ ની પેટા કલમ (૩) હેઠળ અધિકારીઓ અને અન્ય સ્ટાફના પગારો અને ભથ્થાં;

(ગ) કલમ ૩૫ ની પેટા કલમ (૧) હેઠળ હિસાબોનું વાર્ષિક પત્રક જે નમૂનામાં તૈયાર કરવાનું હોય છે તે નમૂનો;

(૩) આ કલમ હેઠળ રાજ્ય સરકારે કરેલ દરેક નિયમ, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ રાજ્ય વિધાનમંડળ બે ગૃહનું બનેલું હોય તો, દરેક ગૃહ સમક્ષ અને આવું વિધાન મંડળ એક ગૃહનું બનેલું હોય તો, તે ગૃહ સમક્ષ મૂકવો જોઈશે.

૪૨. **મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.**

(૧) આ અધિનિયમની જોગવાઈઓ અમલમાં લાવવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય તો, કેન્દ્ર સરકાર, રાજ્યપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી કે ઈષ્ટ લાગે તેવી અને આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે;

પરંતુ, આવો કોઈપણ હુકમ, આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલ દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકવો જોઈશે.

૪૩. **રદ કરવા બાબત અને અપવાદ.**

સન ૧૯૯૩ નો વટહુકમ ૩૦મો

(૧) માનવ અધિકાર સંરક્ષણ વટહુકમ, ૧૯૯૩ આથી રદ કરવામાં આવે છે.

(૨) એવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમ હેઠળ કરેલ કોઈપણ કૃત્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમની તત્સમાન જોગવાઈઓ હેઠળ કરેલ અથવા લીધેલ છે એમ ગણાશે.

---

[1] સન ૨૦૦૬ ના ૪૩ થી 'સભ્યોના' બદલે આ શબ્દો દાખલ કરેલ છે.



સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.